
ટ્યુટોરીયલ હાઇસ્કૂલ





અમદાવાદ

ના

રૌપ્ય મહોત્સવ

પ્રસંગે

જૂના વિદ્યાર્થીઓનો

રંજન કાર્યક્રમ

:: સ્થળ ::

શાળાનો રંગમંડપ

[illegible] ગ, કાળુપુર.

:: સમય ::

સાંજના ૫-૩૦ વાગે સ્ટા. ટા.

શુક્રવાર, તા ૧૯-૧-૧૯૪૦

ન. ડી. શુકલ. એમ. એ. બી. ટી.

[illegible]. ડી. દવે બી. એ. એસ. ટી. સી.

એડવાઇઝર્સ

શ્રી [illegible] દેસાઈ. એડવોકેટ

શ્રી [illegible]પ્રસાદ [illegible]

In. [illegible] એ. એસ. ટી. સી.

સેક્રેટરીઝ.

:: પ્રકાશક ::

રૌપ્ય મહોત્સવ સમિતિ—ટ્યુટોરીયલ હાઇસ્કૂલ



૧. સરસ્વતી સ્તવન.

૨. પૂજન નૃત્ય.

૩. સંગીત.

૪. શ્રમજીવી.

૫. Dr Tagores Views against violence

૬. કવિનું પ્રહસન.

૭. ઊત્તરાનું સ્વપ્ન (હીંદી)

૮. કામ (કાર્ય) બાણુ વાગ્યાં હોય તે જાણે (કટાક્ષ કાવ્ય)

૯. માધવની ન્યાયપરાયણુતા.

૧૦. સંગીત.

૧૧. ઈત્યાદિનું કોમિક.

વિરામ અને નિવેદન

૧૨. ભાંગવાળાનું પ્રહસન.

૧૩. આજનો સજ્જન ? પ્રવેશ ૧-૨

૧૪. માણભટ્ટની કથાનું પ્રહસન.

૧૫. આજનો સજ્જન ? પ્રવેશ ૩.

૧૬ મૂક અભિનય.

૧૭. આજનો સજ્જન ? પ્રવેશ ૪.

૧૮. સંગીત.

૧૯. સ્હાનું પ્રહસન.

૨૦. નૃત્ય (જ્યોતિર્ધરો)

સહાયકઃ—

શ્રી. વી. એસ. દીવેટીઆ.

,, પી. બી. ભટ્ટ.

શ્રી. હર્ષદ બક્ષી.

,, નીતુ મ્હેતા.

રોયલ હાઇસ્કૂલ

અમદાવાદ

ના

રૌપ્ય મહોત્સવ

પ્રસંગે

જુના વિદ્યાર્થીઓની

નમ્ર અંજલિ રૂપે

રંજન-કાર્યક્રમ

પ્રમુખઃ—આન. શ્રી. ગણેશ વાસુદેવ માવલંકર.

સ્પીકર – બોમ્બે લેજીસ્લેટીવ એસેમ્બલી.

સંગીત દર્શક

શ્રી. સોમનાથ પટપટ. (સંચાલક-શક્તિ સંગીત વિદ્યાલય.)

મૃદંગકાર

શ્રી. સુરજરામ નાયક.

કલેરીઓનેટ

શ્રી, મહુમદભાઈ દરબાર (સંચાલક–દરબાર બેન્ડ.)



સરસ્વતી સ્તવન

(રાગ : તિલગ ત્રિતાલ)

સ્તવનકાર : **શ્રી નરેન્દ્ર સત્યવાદી.**

: સ્થાયી :

નમું માત સરસ્વતી સ્નેહભરી,
કરૂં આજ પૂજા ઉર કોડ ધરી—નમું :

: અંતરા :

ચેતન સૂરિલિ વીણા વાગે,
વિશ્વતણું નવ યૌવન જાગે;
ઘડી જીવનની આવી મધુરી—નમું૦

મેઘ ધનુષ્યની ઓઢણી ધારો,
મયુર વિરાજો માત પધારો;
ધરૂં હૃદય કુસુમ રસભાવ ભરી—નમું૦

સૌમ્યપ્રભા તુજ આજ પ્રકાશે,
જુગજુનાં તિમિર દૂર નાસે;
અરપો નવચેતન જનની—નમું૦

[શ્રી. વિબુધ મ્હેતા]

૨

પૂજન નૃત્ય

૩
સંગીત

(રાગ : માલકોષ ત્રિતાલ)

(ગાયક : શ્રી. નરેન્દ્ર મ્હેતા)

: સ્થાયી :

ઉર મંદિર સૂનાં લાગે,
નવ જ્યોત પ્રણયની જાગે—ઉર મંદિર૦

: અંતરો :

સ્નેહ જીવનના સ્વપ્ન કુસુમો,
ખીલે જીવન બાગે—ઉર મંદિર૦
હૃદય વીણા તારો ઝણુઝણુતા,
કોક રસિલા રાગે—ઉર મંદિર૦
ચહું ઉડવા આદર્શ કિનારે,
પ્રેમની બંસરી વાગે—ઉર મંદિર૦

[શ્રી. વિબુધ મ્હેતા]

૪
શ્રમજીવી

શ્રમજીવી........શ્રી. નવીનચંદ્ર દેસાઈ
મુકરદમ........ ,, અનિલ શુકલ
મીલ મેનેજર........ ,, પોપટલાલ શાહ.

સંસ્કારી શ્રમજીવી અરૂણ પોતાના હક્કો માટે અને પગારકાપ વિરૂદ્ધ મુકરદમને વિનવણી કરી રહ્યો છે એટલામાં મીલ મેનેજરનું આવવું. મેનેજરની તુમાખી. અરૂણનો સચોટ જવાબ. મેનેજરે માફી માંગવાનું કહેવું. અરૂણની ના. મેનેજરના ફરમાનથી મુકાદમનો અરૂણ ઉપર હુમલો. શ્રમજીવીના કરૂણ ઉદ્દગાર.

૫

Dr. Tagore's Views Against Violence

(કુ. સત્યવતી બી. મ્હેતા)

૬

કવિનું પ્રહસન

(શંકિત હૃદય)

(શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇ કૃત)

કવિ......શ્રી. ચંદ્રકાંત રામી
વકીલ...... ,, નરેન્દ્ર સત્યવાદી.
ડૉક્ટર...... ,, ચંદુલાલ દવે
પારસીપોએટ...... ,, નરેન્દ્ર મહેતા
૧ લો ગૃહસ્થ...... ,, શાંતિલાલ ત્રિવેદી
૨ જો ગૃહસ્થ...... ,, નવીનચંદ્ર દેસાઇ
૩ જો ગૃહસ્થ...... ,, નાનાલાલ ભટ્ટ

ગર્ભ—શ્રીમંત કુંજને ફોસલાવી વકીલ અને ડૉકટરે તેની મીલ્કત લખાવી લીધેલી તે કાગળીયાં કવિ દબાવી બેઠો છે. કાગળીયાં પાછાં લેવા વકીલ અને ડૉકટરની માંગણી. કવિના ઉડાઉ જવાબ. ત્રણે લડવાની તૈયારી ઉપર. એટલામાં નાટકમાં ભાગ લેવાની ઇચ્છાવાળા ગૃહસ્થ એક પછી એક આવે છે. પારસીપોએટ કવિને શાયરીની પાયરી સમજાવે છે. સ્ત્રી પાત્રના એકકા એવા ગૃહસ્થનું આવવું. વકીલ અને ડૉકટર કવિને ડરાવી કાગળીયાં પાછાં મેળવવા પારસીપોએટને ચડાવે છે. વીરરસના એક્કા એવા ગૃહસ્થનો પ્રવેશ. વીર રસથી ભરપુર વનરાજની ત્રાડસમાં તેમનાં વચનો. કવિની મજાક. સંગીતના ઉસ્તાદનું આગમન. તેમના આલાપને બધા તેમની જીભ તોતડાય છે ને કાંઇ

થઈ ગયું એમ સમજે છે. સ્ત્રીપાત્રવાળા ગૃહસ્થ પોતાનો અભિનય બતાવે છે. વીર રસરાવ તેથી ઉશ્કેરાય છે. તેમના વિર રસનો અભિનય બતાવે છે. પારસી પોએટ ગુજરાતીમાં નાટક લખી આપવા કહે છે અને તેમનાં લખાણુ તથા લીરીક બધાને સંભળાવે છે. કવિના રમુજી વચનો. વકીલ અને ડોકટર પારસી પોએટનું નાટક ભજવવા જણાવે છે.

૭

ઉત્તરાનું સ્વપ્ન

(હિંદી)

ઊત્તરા......શ્રી. જયંત ભટ્ટ

નિદ્રાવશ ઊત્તરા સ્વપ્નમાં પોતાના પ્રાણનાથ અભિમન્યુને સાત મહારાથીઓથી ઘેરાઈ હણાતો ને ચંદ્રલોક ગમન કરતો જોઈ ઝબકી ઉઠે છે. સ્વપ્નદર્શનથી તેને થતો આઘાત તથા તેના પ્રતિબિંબ રૂપે નીકળતા કરૂણ ઉદ્દગારો. હૃદયવ્યથાથી ઊત્તરાનું મૂર્છાવશ થઈ જવું.

૮

કામ (કાર્ય) બાણુ વાગ્યાં હોય તે જાણે

(પ્રતિ કાવ્ય)

(ગાયક : શ્રી અનિલ શુકલ)

૧

કામબાણુ વાગ્યાં હોય તે જાણે. હો (૨)
કારકુનને વાગ્યાં, ગુમાસ્તાને વાગ્યાં,
ઠરી બેઠા, ન ઠેકાણે;
સવારથી સાંજ લગી કલમને ખડીઓ,
લઈને ઢસરડો તાણે. હો......

૨

ગરીબ બીચારા પેલા વેઠીયાને વાગ્યાં;
રાતદીન લારીઓ તાણે;
ગંધાતી ચાલીઓના મજુરોને વાગ્યાં,
ઉઠે વ્હીસલને ટાણે. હો......

૩

વઢકારી સાસુઓની વહુઓને વાગ્યાં,
વૈતરાં કરે વ્હેલી વ્હાણે;
એની પીડા તો એ જાણે શું પેલી,
સાસુઓ ઉરમાં આણે. હો...

૪

તંત્રીને વાગ્યાં, મંત્રીને વાગ્યાં:
લેખક, કવિને, બધાંને;
વિંધાયા હોય તે તો જાણે એની પીડા,
બીજાઓ શું પરમાણે. હો...
કામ બાણુ વાગ્યાં હોય તે જાણે.

[શ્રી રસીક ભટ્ટ]

૯

માધવની ન્યાયપરાયણતા.

(ગુર્જરેશ્વર)

(શ્રી. દશરથલાલ જહા કૃત)

મહા મંત્રી માધવ—શ્રી. વિબુધ મ્હેતા

કેશવ	— ,, પોપટલાલ શાહ.
રૂપો કોળી	— ,, ચંદ્રકાંત રામી.
યશોવર્મા	— ,, નરેન્દ્ર મ્હેતા.
પ્રતીહારી	— ,, નારણ ધોબી.

ગુર્જરેશ્વર કરણ વાઘેલાનો અને મહા ગુજરાતનો મહામંત્રી માધવના દેશ સેવા કરવાના ઉદ્ગારો. તેના ભાઈ કેશવનું પ્રવેશવું. માતૃભૂમિ માટે દેહની પણ કુરબાની કરવાની બંને ભાઈઓની અભિલાષા. એટલામાં રૂપા કોળીનું પોતાના પૂત્રના શબ સાથે પ્રવેશવું અને સેનાપતિ યશોવર્માના હુકમથી તેના સૈનિકોની તિરંદાજી શીખવા બાળકના થયેલા ખુન માટે ન્યાયની માંગણી કરવી. માધવનું આશ્વાસન અને ન્યાય માટે ખાત્રી આપવી. સેનાપતિ યશોવર્માને જ્યાં હોય ત્યાંથી હાજર કરવાનો હુકમ, એકના એક પૂત્રના મૃત્યુ ના આધાતથી ડોસો દીવાનો થઈ જાય છે. સેનાપતિ યશોવર્માનું આગમન અને ઉદ્ધત જવાબો તથા બાહુબળનું અભિમાન. કેશવનું ઉશ્કેરાવું. સ્હામસ્હામી તલ્વારો ઉછળે છે. માધવે કેશવને વારવો. યશોવર્માને ફરમાન. યશોવર્માનું સ્હામા થવું ને શસ્ત્ર પ્રહાર કરવા જવું. માધવે તેને મ્હાત કરવો અને કેદ પુરવા સૈનિકોને સોંપી દેવો.

૧૦

સંગીત.

(રાગઃ—આશાવરી)

(ગાયક—**શ્રી જસવંત દવે**)

ગા તું ગાન મધુરૂં
કોકિલ !
ગા તું ગાન મધુરૂં.

નવલ વસન્ત ખીલી પૂર બ્હારે,
મયંક જગને રસથી ઉછાળે,
તુજ વીણ સઘળુ સુનું— કોકિલ
નવ મંજરીઓ બહુ ફૂલી મ્હેકે,
ફર ફર પર્ણો હિલત સમિરે,
પણ તુજ ગાન ન સુણું— કોકિલ !
મૂક ચિન્તન તુજ દૂર સહુ કરવા,
સુણી સંગીત પ્રિય જનને મળવા,
ધબકે અન્તર ધીરૂં— કોકિલ !

[**શ્રી. વિબુધ મ્હેતા**]

૧૧

ઈત્યાદિનું કોમિક

(પ્રયોજક :—**શ્રી, મધુભાઇ બી. દેસાઈ**)

ઇત્યાદિ—શ્રી. મધુભાઈ દેસાઈ,

મીત્ર ગમન—શ્રી. જયંત ભટ્ટ.

આજના જમાનાની અને ઉદ્ધારની ઢાલની બીજી બાજુ હળવી નજરે. સીલ્વર જ્યુબીલી માટે જુના લેબાસમાં નવીન સ્ટાઇલનું કોમીક.

વિરામ અને નિવેદન

૧૨

ભાંગવાળાનું પ્રહસન

ભાંગવાળાભૈયા—શ્રી. ચંદ્રકાંત વ્યાસ.

ભાંગવાળા ભૈયાનાં આ ડ્રાય એરીઆમાં ભાંગના ગુણગાન અને ભાંગની તારીફનું પ્રહસન.

૧૩

આજનો સજ્જન ?

(પ્રયોજક : શ્રી જયંતીલાલ શાહ)

કૃષ્ણકાંત—શ્રી. લાલભાઈ પરીખ.
નીતિન— ,, જસવંત દવે.
પ્રીતમરાય—,, વિબુધ મ્હેતા

પ્રવેશ ૧ લો

જીંદગીને જુગાર માનતો, શ્રીમંત પિતાનો અવળે રસ્તે ચડેલો પૂત્ર કૃષ્ણકાંત રેસ કોર્સના મેદાનમાં ભારે રકમ હારી આવે છે ને તેના મોટાભાઈ નીતિન પાસે પૈસાની માંગણી કરે છે. ભલા અને આજ્ઞાંકિત નીતિનની પૈસા આપવાની સાફ ના ને પિતાશ્રીને જાહેર કરવાની ધમકી. કૃષ્ણકાંતની નફ્ટાઈ અને સ્હામી ધમકી.

પ્રવેશ બીજો.

કૃષ્ણકાંત મોટાભાઇ નીતિનના ખીસ્સામાંથી ચાવીઓ તફડાવી તિજોરીમાંથી રૂપીઆ ઉઠાવે છે અને તેનો આરોપ નીતિન ઉપર મૂકે છે ને પ્રીતમરાયને નીતિન વિરૂદ્ધ યુક્તિ પ્રયુક્તિથી ઉશ્કેરે છે. પ્રીતમરાયનો નીતિન ઉપર ગુસ્સો. વ્હેમાયેલો ધર્મિષ્ઠ પિતા ચાવીઓ પોતાના કબજે રાખે છે. કૃષ્ણકાંતનો દાવ ખાલી જાય છે. પૈસા માટે વધુ મૂંઝાયેલા કૃષ્ણની કાળી ભાવનાઓ.

 ૨૧૯૩૧

૧૪

માણુ ભટ્ટની કથાનું પ્રહસન

(પ્રયોજક :—શ્રી. વિબુધ મ્હેતા)

માણ ભટ્ટ:—શ્રી. શાંતિલાલ ત્રિવેદી,
૧ લો ભટ્ટ— „ હરીપ્રસાદ વસા.
૨ જો ભટ— „ જીતેન્દ્ર શાહ.

વૈશંપાયનની કથા રૂપે નવીન પ્રહસન રજુ કરતા માણુ ભટ્ટનું હાસ્યરસિક આખ્યાન.

૧૫

આજનો સજ્જન ?

પ્રવેશ ૩ જો

રૂપીઆ મેળવવામાં નિરાશ થયેલો કૃષ્ણકાંત પિતાનું ખુન કરી લખલુટ મીલ્કતના માલીક થવાના મલીન વિચારો કરે છે. એટલામાં પ્રીતમરાયનું આગમન. વધુ રૂપીઆ માટે માંગણી. પ્રીતમલાલની ના. અને બંને વચ્ચે ભયંકર વાર્તાલાપ. પૈસા માટે કૃષ્ણકાંત પિતાનું ખુન કરતાં અચકાતો નથી અને તેનું તોહમત નીતિનને માથે ઓઢાડે છે. કૃષ્ણુ એક કાંકરે બે પક્ષી દૂર કરી લખલૂટ મીલ્કતનો માલીક બને છે.

૧૬

મૂક અભિનય

૧૭

આજનો સજ્જન ?

પ્રવેશ ૪ થો

રેસના મેદાનમાં લાખોની મીલ્કત ખોઈ બેસી, સર્જનહારના મુંગા મારથી ભૂખે મરતો, કૃષ્ણકાંત, કંગાળ હાલતમાં જ્યાં ત્યાં રખડતો, પોતાનાં પાપો માટે પશ્ચાતાપ કરે છે. તેના કરૂણ ઉદ્ગારો. પાપ કરનારાઓએ પ્રભુ છે એ ભૂલવું જોઈતું નથી એમ કહેતો કૃષ્ણકાંત સર્વને સચ્ચાઈના રસ્તે ચાલવા જણાવે છે ને પોતાની જીંદગીનો અંત ઝેર પી આણે છે.

૧૮

સંગીત

૧૯

ચ્હાનું પ્રહસન

(મૂળ લેખક :—શ્રી. ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ)

(સુધારા વધારા સાથે પ્રયોજકઃ—શ્રી. મધુભાઈ બી. દેસાઇ)

આરતી ઉતારનારઃ—શ્રી. શાંતિલાલ ત્રિવેદી (બે ગાયકો સાથે)

ચ્હા દેવીની પ્રતિમાની તેના ભક્ત પ્યાલા રકાબી કીટલી વતી આરતી ઉતારે છે.

મ્હા દેવીની આરતી

પ્હેલી ચોપડી માંહ્ય "મા, બા, ભૂ" સ્થાને
"મ્હા—પા" ગાન, ગજવતાં કોમળ શિશુ તાને
જયજય મ્હા દેવી !

સમુદ્ર મંથન કાળ, દેવોએ પીધી, મા !
દેવોએ પીધી !

અમૃત રૂપે વસીયાં, આશીષો દીધી !
જયજય મ્હા દેવી !

વેદ કાળમાં યજ્ઞ—યાગાદિ થાતા !
મા ! યાગાદિ થાતા !
સોમ રૂપે, ત્યાં વસીયાં, રૂષિ મુનિ પ્રેરાતા !

જયજય મ્હા દેવી !

શૈવોની તું વિજયા, વૈષ્ણવની યમુના !
કલીયુગમાં મ્હા બનીને, ભક્તો એકમના !
જયજય મ્હા દેવી !

ગ્રીષ્મ ઋતુમાં શીત, શરદે તું ગરમી !
મા શરદે તું ગરમી !

વર્ષા ઋતુમાં છત્રી, નિંદે અકરમી—
જયજય મ્હા દેવી !

રંગલાલઃ–શ્રી. ચંદ્રકાંત રામી.

શીવલાલઃ–,, અનિલ શુકલ.


ગામડામાં ભાઈબંધની જાનમાં ગયેલા બે ચ્હાના શોખીન દોસ્તો ચ્હા મળી નહીં તેથી આકુળ વ્યાકુળ બની ઉદ્દગારો કાઢે છે. ગામમાં કોઈ ચ્હામાં સમજતું નથી અને ચ્હા કયાંય મળતી નથી તેથી તેમને તે ગામમાં ગ્રામોદ્ધારની ખામી જણાય છે! ચ્હા માટે તેઓ વલોપાત કરે છે એટલામાં ગામડીઓ વેવાઈ શહેરમાંથી દેગડો ભરી ગરમ ચ્હા મંગાવેલી તે આવી ગઈ છે એવી ખુશ ખબર આપે છે. બંને દોસ્તોને મન સોનાનો સુરજ ઉગે છે!

૨૦

નૃત્ય (જ્યોતિર્ધરો)



ધી વીરવિજય પ્રિં. પ્રેસમાં શાહ કેશવલાલ સાંકળચંદે
છાપી. ઠે. રતનપોળ સાગરની ખડકી—**અમદાવાદ.**



રંજન સમિતિ

શ્રી. એન. ડી. શુકલ.
,, જે. ડી. દવે.
એડવાઈઝર્સ.

શ્રી. એમ. બી. દેસાઈ.
,, એફ. એ. શેખ.
કુ. પી. એસ. શેઠ.
સેક્રેટરીઝ.

કો—એડવાઈઝર્સ.

શ્રી બી. એ. શાહ.
,, જી. બી. ઓઝા.
,, એચ જે. દોશી.
,, એમ. એન, ચોકશી
,, જી. ટી. અધ્વર્યુ
,, બી. જી. સંઘવી.
,, પી. એમ. પંડયા.
,, એ. એસ. દીક્ષીત.
,, પી. બી. ભટ્ટ.

મેમ્બર્સ.

કુ. એસ. બી. મ્હેતા.
શ્રી. આર એમ. શાહ.
,, એ. એચ. દેસાઈ
,, કે. સી. ગોડીઆવાલા.
,, બી. આર. શુકલ.



ટ્યુટોરીયલ હાઇસ્કૂલ

રૌપ્ય મહોત્સવ સમિતિ

ચેરમેન

શ્રી. નીતિરાય. જી. ખારોડ. બી. એ. એલ. એલ. બી.

જનરલ સેક્રેટરીઝ

શ્રી. એન. પી. જોષીપૂરા. બી. એ. એસ ટી. સી.
શ્રી. એમ. બી. દેસાઈ એડવોકેટ
,, એસ. એ. સંઘવી. બી. એ. એસ ટી. સી.
, હર્ષદ બક્ષી. VIII)
કુ. પી. એસ. શેઠ VIIc.
,, બી. ડી. પટેલ. VIC

ટ્રેઝરર

શ્રી. એન એન દેસાઈ બી. એ. બી, એસ સી. બી. ટી. એસ ટી. સી,

મેમ્બર્સ

૧. શ્રી. એન. એમ મીંઆભાઇ બી. એ, એલ એલ. બી.
૨. ,, ડી. સી. શુકલ. બી. એ. એલ. એલ બી.
૩. ,, એન. ડી શુકલ એમ. એ. બી. ટી.
૪. ,, જે. ડી. દવે બી. એ. એસ ટી. સી.
૫. ,, બી એ. શાહ બી. એ.
૬. ,, જી. બી. ઓઝા બી. એ. એસ. ટી. સી.
૭. ,, બી. એસ. દવે બી. એ. એસ ટી. સી.
૮. ,, કે. કે. ચૌહાણ બી. એ.
૯. ,, વી. એસ દીવેટીઆ.
૧૦ ,, પી. બી છત્રપતિ.
૧૧ ,, એમ. એમ. ઝાઇ
૧૨ ,, આઈ. એસ. ત્રિવેદી.
૧૩ ,, વી. એમ. પરીખ.
૧૪ ,, એમ. એમ. પંડયા.
૧૫ ,, એસ. એમ. બ્રહ્મભટ્ટ.
૧૬. કુ. એસ. બી. મહેતા (જુ. બી. એ.
૧૭. ,, આર. આર. દવે.
૧૮. ,, એસ. એસ. દીક્ષીત
૧૯. શ્રી એન એમ પરીખ VII B
૨૦. ,, જે, જે, દેસાઈ VII B
૨૧. ,, આર ડી, દવે VII B
૨૨. ,, એફ એ, શેખ VII D
૨૩. ,, જી એચ મોમીન VII D
૨૪. ,, આર. જે. ફીનારીવાલા VIA
૨૫. ,, જી. બી. પટેલ VI A
૨૬ ,, એ. સી. ટીલવાવાલા VI B